GJGS090002742025

રજુ તા. ૨૦–૦૩–૨૦૨૫
દાખલ તા.૨૦–૦૩–૨૦૨૫
ફેસલ તા. ૨૪–૦૩–૨૦૨૬
**સમયગાળો વ.૦૧ મા.૦૦ દિ.૦૪**

**મે. કોડીનાર જી.ગીર સોમનાથના બીજા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં. મુ. કોડીનાર.**

**પરચુરણ સીવીલ અપીલ નં.૦૩/૨૦૨૫**
**આંક–**

**એપેલન્ટ/ :** (૧) ગુજ.દાનાભાઈ ગોવિંદભાઈ કાતીરાના વારસો
(૧) જેઠીબેન દાનાભાઈ કાતીરા,
ઉ.વ.આ.૭૦, ધંધો–નિવૃત,
(૨) ડાયાભાઈ દાનાભાઈ કાતીરા,
ઉ.વ.આ.૫૦, ધંધો–ખેતી,
(૩) નારણભાઈ દાનાભાઈ કાતીરા,
ઉ.વ.આ.૪૭, ધંધો–ખેતી,
(૪) ભાનુબેન દાનાભાઈ કાતીરા,
ઉ.વ.આ.૪૬, ધંધો–ઘરકામ,
(૫) બબીબેન દાનાભાઈ કાતીરા,
ઉ.વ.આ.૩૪, ધંધો–ઘરકામ,
(૬) ગીતાબેન દાનાભાઈ કાતીરા,
ઉ.વ.આ.૪૫, ધંધો–ઘરકામ,
રહે.નં.૧ થી ૩ ડોળાસા,
તા.કોડીનાર, જી.ગીરસોમનાથ
(૨) ગુજ.એભાભાઈ ગોવિંદભાઈ કાતીરાના વારસો,
(૧) ગંગાબેન એભાભાઈ કાતીરા,
ઉ.વ.આ.૬૮, ધંધો–ખેતી,
રહે.બંને ડોળાસા,
તા.કોડીનાર, જી.ગીરસોમનાથ.

**વિરૂધ્ધ**

**રીસ્પોડેન્ટ/ :** ગુજ.દેવાભાઇ ગોવિંદભાઇ કાતીરાના વારસો
(૧) વીરાભાઇ દેવાભાઇ કાતીરા,
ઉ.વ.આ.૫૧, ધંધો–ખેતી,
(૨) લાભુબેન ઉર્ફે કંચનબેન દેવાભાઇ કાતીરા,
ઉ.વ.આ.૭૩, ધંધો–ઘરકામ,
(૩) ગુજ.જેઠીબેન ઉર્ફે જયાબેન દેવાભાઇ કાતીરાના વારસો,
(૩/૧) રમેશભાઇ ભરતભાઇ ઉર્ફે ભોળાભાઇ પરમાર, ઉ.વ.આ.૨૭,
(૩/૨) પુનમબેન ભરતભાઇ ઉર્ફે ભોળાભાઇ પરમાર, ઉ.વ.આ.૨૩,
રહે. નં.૧, ૨ ડોળાસા, નં.૩ સીંધાજ,
નં.૪ માલગામ, તા.કોડીનાર, જી.ગીર સોમનાથ

---

**એપેલન્ટ તર્ફે :–વિ.વ.શ્રી એન.વી.રાઠોડ**
**રીસ્પોડેન્ટ તર્ફે :– વિ.વ.શ્રી એસ.બી.ઉપાધ્યાય**

---

**<u>વિષય :– સી.પી.સી. ઓર્ડર–૪૩ રૂલ–૧(આર) હેઠળ રે.દિ.મુ.નં. ૧૪૫૩/૨૦૨૦ ના કામે આંક–૫ તથા આંક–૧૨ લગતના હુકમ વિરૂધ્ધ અપીલ...</u>**

**––: ચુકાદો :––**

**(૧) ટુંકી વિગતઃ–** આ સીવીલ પરચુરણ અપીલ એપેલન્ટ(મુળ કામના વાદી)એ આ કામના રીસ્પોડેન્ટ (મુળ કામના પ્રતિવાદી) વિરૂધ્ધ કોડીનારનાં પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી ધ્વારા રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના કામે આંક–૫ ની અરજી નામંજૂર કરેલી અને રીસ્પોન્ડન્ટની આંક–૧૨ ની અરજી મંજુર કરેલી, જે હુકમથી નારાજ થઇ આ પરચુરણ અપીલ કરી પડકારવામાં આવેલ છે. હાલની અપીલમાં ચર્ચાની સરળતા ખાતર હાલના એપેલન્ટને "**વાદી**" તરીકે અને રિસ્પોન્ડન્ટસને "**પ્રતિવાદી**" તરીકે સંબોધન કરવામાં આવેલ છે.

(૨)આ કામના એપેલેન્ટની અપીલમાં દર્શાવેલ મુખ્યત્વે કારણો નીચે મુજબના છે.

૨.૧) કોડીનારના નામદાર સીવીલ કોર્ટના રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના આંક-૫ તથા આંક-૧૨ માં તા.૦૪/૦૪/૨૦૨૪ ના રોજ કરેલો હુકમ હકીકતની દ્રષ્ટિએ તેમજ કાયદાની દ્રષ્ટિએ ભુલભરેલો, સર્વાંશે ગેરકાયદેસર છે. આંક-૦૫ તથા આંક-૧૨ ના કામે રજુ કરવામાં આવેલ વાંધા જવાબ તથા દસ્તાવેજી પુરાવાઓ તથા દલીલો નામદાર કોર્ટ ધ્વારા જરાપણ ધ્યાને લેવામાં આવેલ નથી.

૨.૨) વિ.ટ્રાયલ કોર્ટે દસ્તાવેજી પુરાવામાં રજુ રાખેલા મુળ પ્રતિવાદીઓ ધ્વારા નોટરી સમક્ષ કબુલાત કબજા બાબતે અને હકક હિતની આપેલી તે ધ્યાને લીધેલ નથી. તેમજ રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના કામે કરવામાં આવેલા સોગંદનામાઓ તથા કાઉન્ટર એફીડેવીટ પણ ધ્યાને લેવામાં આવેલા નથી.

૨.૩) રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના કામે મુળ પ્રતિવાદીઓ ધ્વારા સરકારી અધિકારીઓ ધ્વારા કરવામાં આવેલ રોજકામની હકીકતો છુપાવીને રજુઆત કરેલ છે તે માત્રને માત્ર ધ્યાને લઈ એકતરફી આંક-૫ તથા આંક-૧૨ માં હુકમ કરેલ છે અને તે રીતે વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ પરવશ અને ઈલીગલ હોય રદ થવા પાત્ર છે.

૨.૪) રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના કામે મુળ વાદીઓ ખેતી કરે છે અને જમીન ફળદ્રુપ બનાવેલ છે અને કુવો પણ બનાવેલ છે. વાદીનો માત્ર આજીવીકાનો આધાર દાવાવાળી જમીન છે તેવી રજુઆત કરેલ તે ધ્યાને ન લઈ એકતરફી આંક-૫ તથા આંક-૧૨ માં હુકમ કરેલ છે અને તે રીતે વિ.ટ્રાયલ કોર્ટનો હુકમ પરવશ અને ઈલીગલ હોય રદ થવા પાત્ર છે.

૨.૫) આ કામે મુળપ્રતિવાદી કોર્ટ કાર્યવાહીના અનુભવી છે. સરકારી કર્મચારી છે અને મુળ વાદીઓ ગામના વાડી વિસ્તારના રહીશ છે અને

કાયદાકીય કોઇ જ્ઞાન ધરાવતા નથી જેનો મુળ પ્રતિવાદીઓએ લાભ લઇ પોતાની તરફેણમા હુકમનામુ મેળવી મુળવાદીઓના કાયદેસરના કબજા વાળી મિલકત હડપ કરી લેવાનો ઈરાદો મુળ પ્રતિવાદીઓનો સાબીત થાય છે.

૨.૬) આ અપીલ થકી એપેલેન્ટએ દાદ માંગેલ છે કે, કોડીનારનાં પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી ધ્વારા રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના કામે આંક–૫ તથા આંક–૧૨ નીચેના તા.૦૪/૦૪/૨૦૨૪ નો હુકમ રદ કરી દાવાવાળી જમીનોની યથાવત સ્થીતી જાળવી રાખવા હુકમ કરવા તથા મુળવાદીઓને અપીલ સંબંધી મળી શકતી કાયદેસરની અન્ય દાદ અપાવવા તથા મુળ વાદીઓને આ અપીલનો તમામ ખર્ચ મુળ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૩) આ કામે રિસ્પોન્ડન્ટ તર્ફે આંક–૧૫ થી અપીલ તથા સ્ટે માટેની અરજી સામેના સંયુકત વાંધા રજુ કરેલ છે અને તેમાં એપેલેન્ટની અપીલના મુદદાઓનો ભારપણે મહદઅંશે પેરાવાઇઝ ઈન્કાર કરી, ખરી વિ.વ.શ્રીએ હકીકતે જણાવેલ છે કે, રીસ્પોન્ડેન્ટના વડીલ ગુજ. દેવાભાઇ ગોવિંદભાઇ કાતીરાને હાલની અપીલ વાળી મોજે ડોળાસા તા.કોડીનાર ગામની સીમની ખેતીની જમીન સ.નં.૩૫૧/પૈકી વાળી જમીન ભુમીદાનમાં મળેલી છે. ભુમીદાન એટલે ભારતની આઝાદી પછી મોટા જમીનદારો અને જાગીદારો પાસેથી જમીન દાનમાં લઇને ભુમી વિહોણાય તથા ખેતમજુરોને આ જમીન ખેતી કરવા માટે સામાજીક સેવાભાવના હેતુથી વિનોબા ભાવે ધ્વારા આ યોજનાનો આરંભ કરવામાં આવેલો અને આ યોજના મુજબ ગુજ.દેવા ગોવિંદ કાતીરાને જમીન વિહોણા ખેતમજુર તરીકે સ.નં.૩૫૧/પૈકી વાળી જમીન ભુમીદાનમાં તા.૧૩/૦૫/૫૫ ના રોજ આપવામાં આવેલી છે અને આ અંગેની નોંધ ડોળાસા ગામના હકકપત્રક એન્ટ્રી નં.૮૪૮ તા.૨૩/૭/૫૫ થી નોંધાયેલ છે અને આ નોંધ પ્રમાણીત થયેલ છે. આ દાવાવાળી જમીન રીસ્પોન્ડેન્ટના વડીલો ગુજ.દેવા ગોવિંદને ભુમીદાનમાં શરતોને આધીન આપવામાં આવેલી છે. જે પૈકી મહત્વની શરત એવી છે કે આ જમીન ગુજ.

દેવા ગોવિંદને જાતે ખેતી કરવા આપેલી અને આ જમીન તેમણે વેચાણ કે ભાગથી કે સાથીથી કોઇને આપવાની નથી કે તેના ઉપર બોજો કરવાનો નથી. આ ભુમીદાનની કાર્યવાહી ભુમીદાન સમતી મારફતે હોવાથી દાન માટેની શરતોનો ભંગ થઇ શકે તેમ નથી એટલે કે આ જમીન વહેચણીને પાત્ર નથી, માત્ર દેવા ગોવિંદના હયાતી બાદ તેના વારસોને વારસાઇ હકક ઉત્પન્ન થઇ શકે છે. દાવાવાળી જમીન ગુજ. દેવાભાઇ ગોવિંદભાઇને ભુમીદાનમાં મળેલી તેના ઘણા વર્ષો પહેલા તેમના પિતા ગોવિંદ જીવા ગુજરી ગયેલ હતા એટલે કે દાવાવાળી જમીન તેમના પિતા પાસેથી વારસાઇથી મળેલ જમીન નથી પરંતુ ગુજ. દેવા ગોવિંદને સ્વતંત્ર રીતે મળેલ સ્વપાર્જીત મિલકત/જમીન છે. આ જમીન માત્ર દેવા ગોવિંદની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની અને જાત ખેતીની જમીન છે અને તેમાં દેવા ગોવિંદ સને ૧૯૫૫ થી લઇને તેઓ અવસાન પામ્યા ત્યાં સુધી ઉપજ લેતા આવેલ છે અને તેમના અવસાન બાદ રીસ્પોન્ડેન્ટે તેના વારસદારો તરીકે આ જમીન વારસાઇ માલીકી દરજજે પ્રાપ્ત કરેલ છે અને તેમાં જાત ખેતી કરી ઉપજ લે છે. આ દાવાવાળી જમીન ઉપર એપેલેન્ટનો સંયુકત માલીકીનો કબજો હતો નહી કે છે નહી કે મેળવેલ પણ નથી તેવી રીતે તેઓ દાવાવાળી જમીનમાં ખેતીકામ પણ કરતા નથી. પરંતુ દાવાવાળી જમીન રીસ્પોન્ડેન્ટ પાસેથી પડાવી લેવા માટે ઘડી કાઢેલી વાર્તાઓ સાથે ખોટો બનાવટી અને ઉપજાવી કાઢેલા કરારો, સોગંદનામાના આધારે રીસ્પોન્ડેન્ટ ઉપર દબાણ લાવવા માટે ખોટો દાવો લાવી મનાઇહુકમની માંગણી કરેલ છે. એપેલેન્ટને ગીરગઢડા તાલુકાના બોડીદર ગામની સ.નં.૧૨૦ એ.ગુંઠા ૩-૧૫ વાળી જમીન રીસ્પોન્ડેન્ટના વડીલ ગુજ. દેવા ગોવિંદે આપેલી છે અને તે અંગેની નોંધ બોડીદર ગામના હકકપત્રકમાં થયેલી છે અને બાદમાં આ જમીન એપેલેન્ટ ધ્વારા તા.૦૪/૦૧/૧૯૯૯ ના રોજ વેચાણ દસ્તાવેજથી રૂા.૪૦,૦૦૦/- ના અવેજના બદલામાં વેચાણ કરી નાખેલ છે. આ સમગ્ર મહત્વની હકીકતો રીસ્પોન્ડેન્ટ ધ્વારા દાવાના કામે છુપાવી ખોટી હકીકતો આગળ ધરી ગેર રજુઆત કરેલી છે એટલે એપેલેન્ટ ઇકવીટીની દાદ માંગવા હકકદાર રહેતા નથી. એપેલેન્ટ ધ્વારા જે હકીકત અને

તકરાર સાથે રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ નો દાવો લાવેલા છે તે સંબંધે એપેલેન્ટે આ પહેલા ઉનાની સીનીયર ડીવીઝન કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૩૧/ ૨૦૧૭ થી દાવો કરેલ. આ બંને દાવાઓની હકીકત તથા માંગણી અલગ અલગ છે. ઉના સીવીલ કોર્ટનો દાવો એપેલેન્ટે દાવાવાળી જમીનની વહેચણી માટે કરેલ છે અને દાવાવાળી જમીનો વડીલોપાર્જીત હોવાના સ્પીલીડીગ્સ સાથે કરેલો હતો પરંતુ તે દાવામાં એપેલેન્ટ સફળ થાય તેમ ન હોય તે દાવાને એપેલેન્ટ ધ્વારા આંક–૨૪ થી દાવો નવેસરથી દાખલ કરવાની શરતે પરત ખેચવામાં આવેલ છે અને ત્યારબાદ કોડીનાર સીવીલ કોર્ટમાં રે.દિ.મુ.નં. ૧૪૫૩/૨૦૨૦ થી દાવો દાખલ કરી તેમાં એવા સ્પીલીડીગ્સ સાથે આવેલ છે. દાવાવાળી જમીન ઉપર એપેલેન્ટનો કબજો ૩૦ વર્ષ ઉપરાંતથી છે અને જેઓ વિરુધ્ધ કબજે દાવાવાળી જમીનના માલીક બનેલા છે. આમ, એપેલેન્ટ ધ્વારા નવી હકીકત સાથે દાવાનુ સ્વરૂપાંતર કરેલ છે. જેથી એપેલેન્ટસના દાવાને સી.પી.સી. ઓર્ડર–૨ રૂલ–૨ તળે નવો દાવો લાવવાનો બાધ નડે છે. એપેલેન્ટ ધ્વારા તેમના ઓળખીતા તથા મળતીયા માણસો મારફતે દાવાવાળી જમીન ઉપર તેમનો કબજો છે તેવુ દર્શાવવા માટે ખોટા રોજકામ તથા સોગંદનામા કરેલા અને તેના આધારે દાવાવાળી જમીનના ગામ નમુના નં.૧૨ ના પહાણીપત્રકમાં પોતાનું નામ દાખલ કરવા માટે મામલતદારશ્રી કોડીનાર સમક્ષ અરજી કરી કેસ દાખલ કરેલો જે કામે મામલતદારશ્રી ધ્વારા જમીન ઉપર ગુજ.દેવા ગોવિંદનો કબજો હોય અને રેવન્યુ રેકર્ડ તેમના નામે ચાલતુ હોય એપેલેન્ટનું નામ દાખલ કરવાની ના પાડી લીધેલી જે હુકમ સામે એપેલેન્ટસ ધ્વારા સચિવશ્રી ગાંધીનગર સુધી પડકારવામાં આવેલ પરંતુ સચિવ ધ્વારા પણ એપેલેન્ટસની રીવીઝન નામંજુર કરી મામલતદારશ્રીનો હુકમ કાયમ રાખવામાં આવેલ છે. આમ, એપેલેન્ટસ ધ્વારા જમીન ઉપર કબજો હોવાનો પુરાવો ઉભો કરવા માટે થઇને આ તમામ કાર્યવાહી કરવામાં આવેલી પરંતુ તેઓ તેમાં સદંતર નિષ્ફળ ગયેલ છે. એપેલેન્ટસે હાલનો રે.દિ.મુ.નં.૧૪૫૩ /૨૦૨૦ વાળો દાવો દાખલ કરી આંક–૫ થી મનાઇહુકમની અરજી લાવી મનાઇહુકમના બહાના હેઠળ દાવાવાળી જમીન ઉપર બળજબરીથી

રીસ્પોન્ડેન્ટસ પાસેથી કબજો પડાવી લેવા માટે પ્રયત્ન કરવા માંગતા હતા. પરંતુ રીસ્પોન્ડેન્ટસે સામો દાવો કરી આંક–૧૨ થી સામી મનાઇહુકમની માંગણી કરેલી તે કામે બંને મનાઇહુકમની સુનાવણી બાદ નામદાર નીચેની અદાલતે ઉપરોકત તમામ હકીકતો અને રેકર્ડ ધ્યાને લીધા બાદ દાવાવાળી જમીન ઉપર રીસ્પોન્ડેન્ટનો કબજો ભોગવટો માલીકી હકકે હોવાનું ફલીત થતા નામદાર નીચેની અદાલતે એપેલેન્ટસની આંક–૫ ની મનાઇહુકમની અરજ નામંજુર કરેલી અને રીસ્પોન્ડેન્ટની આંક–૧૨ ની મનાઇહુકમની અરજી મંજુર કરી એપેલેન્ટસ રીસ્પોન્ડેન્ટના કબજા ભોગવટા વાળી દાવાવાળી જમીનમાં પ્રવેશ ન કરે કે ન કરાવે તથા રીસ્પોન્ડેન્ટસને દાવાવાળી જમીનમાં ખેતીકામ કરતા અડચણ, અટકાય કે અવરોધ ન કરે કે ન કરાવે તે રીતેનો દાવાના નિકાલ થતા સુધીનો મનાઇહુકમ આપેલો છે. નામદાર નીચેની અદાલત ધ્વારા આંક–૫ તથા આંક–૧૨ ની અરજી નીચે થયેલ સંયુકત હુકમ વ્યાજબી, યોગ્ય અને કાયદેસરનો હોવાથી તેમાં એપેલેન્ટસ કક્ષાએ હસ્તક્ષેપ કરવા જેવો આ કેસ ન હોય જેથી એપેલેન્ટસની અપીલ રદ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) મુળ દાવા કામે વાદીપક્ષે નીચેની અદાલત સમક્ષ નીચે મુજબનો દસ્તાવેજી આધાર પુરાવાઓ રજુ કરેલ છે.

૧. કોડીનાર સીવીલ કોર્ટના રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના આંક–૧ ની ખરીનકલ

૨. કોડીનાર સીવીલ કોર્ટના રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના આંક–૫ ની ખરીનકલ

૩. કોડીનાર સીવીલ કોર્ટના રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના આંક–૧૧ ની ખરીનકલ

૪. કોડીનાર સીવીલ કોર્ટના રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના આંક–૧૨ ની ખરીનકલ

૫. કોડીનાર સીવીલ કોર્ટના રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના આંક–૧૦ ની

ખરીનકલ

૬. કોડીનાર સીવીલ કોર્ટના રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના આંક–૧૭ ની ખરીનકલ

૭. કોડીનાર સીવીલ કોર્ટના રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના આંક–૧૮ ની ખરીનકલ

૮. કોડીનાર સીવીલ કોર્ટના રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના આંક–૪૧ ની ખરીનકલ

૯. દાવાવાળી જગ્યાનું મામલતદાર કચેરીના રોજકામની નકલ

**(૪.૧)** સદર કામે મુળ પ્રતિવાદીઓ તરફે કોઇ દસ્તાવેજી આધાર પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

**(૫)** ઉપરોકત હકીકતો, વિ.ટ્રાયલ કોર્ટનુ રેકર્ડ, બંને પક્ષકારો તરફેની રજુઆત ધ્યાને લેતાં આ અપીલના નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબનો મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## :: મુદ્દાઓ ::

૧. શું એપેલેન્ટ પુરવાર કરે છે કે, કોડીનારનાં પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી ધ્વારા રે.દિ.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના કામે આંક–૫ નામંજુર કરવાનો તથા આંક–૧૨ મંજુર કરવાનો તા.૦૪.૦૪.૨૦૨૪ ના રોજ જે હુકમ કરેલ તે અયોગ્ય, ભૂલભરેલો, વિકૃત, તરંગી, કારણો વગરનો કે કાયદાના સિધ્ધાંતો વિરૂધ્ધનો અને પરવર્શ છે?

૨. શું વિધ્વાન ટ્રાયલ અદાલતના નિર્ણયમાં હસ્તક્ષેપ કરી શકાય તેવી સ્થિતિ, સંજોગો, પુરાવા રેકર્ડ ઉપર રજુ છે?

૩. શું હુકમ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. નકારાત્મક

૩. આખરી હુકમ મુજબ.

## :: કારણો ::

## મુદ્દા નં.૧ તથા ૨:–

**(૭)** આ કામે બંન્ને મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોઈ પુનરાવર્તન ન થાય તે હેતુથી એકીસાથે ચર્ચા કરવામાં આવે છે.

(૭.૧) એપેલન્ટ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, દાવાવાળ જમીનોમા ઘર મેળે સમજુતીથી થયેલા લખાણ અન્વયે જમીનોના ઘણા વર્ષોથી ભાગ પડી ગયેલ છે અને વાદીઓના ભાગે આવેલી જમીનોમાં કુવો બનાવેલ છે. રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓના નામ ચાલી આવેલ. પરંતુ તેઓ દસ્તાવેજ કરી આપવાના હતા, પરંતુ ઘણા બધા ભાગીદારો હોવાથી તે મળી ન આવતા દસ્તાવેજ કરી શકેલ નહી. વાદીઓ એડવર્સ પઝેશનથી માલીકી ધરાવે છે. આ જમીન રેવન્યુ રેકર્ડમાં નવી શરતની બતાવેલ છે પરંતુ ૧૫ વર્ષ ઉપરના કબજાથી કાયદા મુજબ નવી શરતની રહેતી નથી અને હાલ સરકારશ્રીના પરીપત્ર મુજબ નવી શરતની જમીન રહેતી ન હોય તેથી વાદીનો કબજો પ્રતિવાદીઓના ગેરકાયદેસરના કૃત્યથી પ્રોટેકટ કરવો જોઈએ. વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે. પ્રતિવાદીઓના કૃત્યથી નુકશાન થાય તેમ છે. પ્રતિવાદીઓ પોતાનો કેસ પુરવાર કરી શકેલ ન હોય તેથી વાદીની આંક–૦૫ ની મનાઇ અરજી મંજુર કરી પ્રતિવાદીઓ વિરુધ્ધ મનાઇ હુકમ ફરમાવવા અને પ્રતિવાદીની તરફેણમાં થયેલ હુકમ રદ કરવા અરજ કરેલ.

(૭.૨) આ કામના રીસ્પોન્ડન્ટ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, વાદીએ અગાઉ ઉનાની કોર્ટમાં સ્પે.દિ.મુ.નં. ૩૧/૨૦૧૭ વાળો પાર્ટીશનનો દાવો કરેલ હતો. જે દાવો વાદીઓએ વીથડ્રો કરેલ, જેથી હાલનો દાવો સી.પી.સી. ઓર્ડર–૨, રુલ–૨ મુજબ બાધિત છે. વાદીએ અગાઉના દાવામાં તેમનો કહેવાતો ૧/૫ હિસ્સો મેળવવા અને હિસ્સા મુજબનો કબજો મેળવવા દાદ માંગેલી હતી તે દાવો વિથડ્રો કરેલ છે. જયારે હાલના દાવામાં તેનાથી

વિપરિત કથનો કરી હાલની અપીલમાં દાવાવાળી જમીનની યથાવત પરિસ્થતિ જાળવવાની દાદ માંગેલ છે. પરંતુ દાવાવાળી જમીન વાદીઓના કબજામાં ન હોવા છતાં વિરોધાભાસી કથનો કરી સદર અરજી કરેલ હોય અને વાદીઓની માલીકી કે કબજો ન હોય, જયારે પ્રતિવાદીઓની રેવન્યુ રેકર્ડમાં માલીકી અને કબજો કબજેદાર તરીકે નામ ચાલતા હોય, પ્રતિવાદીઓનો ભોગવટેદાર ખેડુત ખાતેદાર તરીકે વાવેતરમાં નામ ચાલતુ હોય અને પ્રતિવાદીએ નિશાની-૧૩/૩ થી ૧૩/૭ અન્વયે રેવન્યુ રેકર્ડની ખરી નકલને રજુ રાખેલ હોય તેમજ પક્ષકારો વચ્ચે થયેલા રેવન્યુ પ્રોસીડીંગ્સના હુકમો નિશાની ૧૩/૧૩ થી તથા નિશાની ૨૧/૧૦ થી રજુ રાખેલ હોય, તે તમામ ધ્યાને લઇ એપેલેન્ટે નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ ભુલ ભરેલ, ગેરકાયદેસર, પરવર્શ હોવાનું પ્રસ્થાપિત કરેલ ન હોય, જે સંજોગોમાં એપેલેન્ટની અપીલ નામંજુર કરી નામદાર ટ્રાયલ કોર્ટનો હુકમ વ્યાજબી, યોગ્ય કાયદેસરનો હોવાથી તેમાં હસ્તક્ષેપ ન કરવા અને અપીલ રદ કરવા અરજ કરેલ છે.

(૮) આ કામે વિ.ટ્રાયલ કોર્ટએ પક્ષકારોના પક્ષનિવેદન તથા રજુ દસ્તાવેજી આધાર પુરાવાઓની નકલ પ્રથમદર્શનીય ધ્યાને લઇ નોંધેલ છે કે, વાદીએ હાલનો દાવો સ્પેસીફીક રીલીફ એકટની કલમ-૩૪ નીચે ડેકલેરેશન તથા કલમ-૩૮ નીચે કાયમી મનાઇ હુકમ મેળવવાનો દાખલ કરેલો છે. વધુમાં પ્રતિવાદીએ સી.પી.સી. ઓર્ડર-૮, રૂલ-૬ મુજબ રૂા.૧૦૦૦/- ના આંકથી જ્ઞાપન તથા કાયમી તાકીદ માટે સામો દાવો કરેલો છે. વાદીએ આંક-૦૫ થી અને પ્રતિવાદીએ આંક-૧૨ થી કામ ચલાઉ મનાઇ હુકમની માંગણી કરેલ છે. વાદીએ દાવામાં જણાવેલ હકિકતો અને રેકર્ડ ધ્યાને લેતા વાદીએ હાલના દાવામાં અને અગાઉના દાવા સ્પે.દિ.મુ.નં. ૩૧/૨૦૧૭ થી વિરોધાભાસી હકીકતો જણાવી છે. વાદીએ દાવામાં જણાવ્યા મુજબ દાવાવાળી જમીન તેમના ખરેખર કબજા ભોગવટામાં આવેલ છે કે કેમ તે પુરાવો લીધા સીવાય નિર્ણય કરી શકાય તેમ નથી. વિધ્વાન ટ્રાયલ કોર્ટે વધુમાં નોંધેલ છે કે, વાદીઓએ જણાવેલ છે કે, દાવાવાળી જમીન હાલ

પ્રતિવાદીઓના નામે ચાલે છે. પ્રતિવાદીઓએ આંક–૧૨ ની કામ ચલાઉ મનાઇ અરજીમાં જણાવેલ છે કે, દાવાવાળી જમીન હાલ પ્રતિવાદીઓના કબજા ભોગવટામાં આવેલ છે. જેથી પ્રતિવાદીઓના કબજા ભોગવટામાં વાદીઓ જાતે કે તેમના માણસો મારફત અડચણ અટકાયત કરે કરાવે નહી તેવો કામ ચલાઉ મનાઇ હુકમની માંગણી કરી છે. આ કામે પ્રતિવાદીએ રજુ રાખેલ દાવાવાળી જમીનના રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતા નોંધ નં. ૮૪૮ થી પ્રતિવાદીને ભુમીદાનથી મળેલાની નોંધ છે. દાવાવાળી જમીનના ૭/૧૨ તથા ૮–અ ના ઉતારા ધ્યાને લેતા પ્રતિવાદીઓના નામ ચાલે છે. જેમા પણ પ્રતિવાદીઓનો કબજો આવેલ હોવાની હકિકત જણાવેલ છે. વિધ્વાન ટ્રાયલ કોર્ટે ચર્ચા કરી તારણ આપેલ છે કે, તમામ હકીકતો ધ્યાને લેતા દાવાવાળી જમીન પ્રતિવાદીઓના કબજામાં આવેલ હોવાનું જણાય છે. વાદીએ જણાવેલ હકીકત પુરાવો લીધા સીવાય નિર્ણય કરી શકાય તેમ નથી. આ સંજોગોમાં વાદીની અરજીમાં માંગ્યા મુજબની દાદ મંજુર કરવા માટે કોઇ વ્યાજબી કારણ રહેલ ન હોવાનું અદાલતનું માનવુ છે. તથા પ્રતિવાદીએ આંક–૦૪ થી કામ ચલાઉ મનાઇ હુકમની માંગણી કરી છે જે ચર્ચા અનુસાર દાવાના આખરી નિકાલ સુધી કબજા સંબંધિત કામ ચલાઉ મનાઇ હુકમ ફરમાવવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે. જેથી ઉપરોકત દર્શાવેલ કારણો અને પુરાવા જોતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી, જયારે પ્રતિવાદીનો પ્રથમ દર્શનીય કેસ જણાય છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ કોઇ રીતે વાદીની તરફેણમાં નથી અને સમન્યાય પ્રકારની દાદ વાદીને આપવામાં ન આવે તો વાદીને નાણાથી ભરપાઇ ન થઇ શકે તેવુ નુકશાન થાય તેમ નથી તેવુ હું માનુ છુ. આમ વિધ્વાન ટ્રાયલ કોર્ટે મુદા નં. ૧ થી ૩ નો જવાબ વાદીના હિતમાં હકારમાં આપી જયારે પ્રતિવાદીની તરફેણમાં આંક–૧૨ લગત મુદા નં. ૧ થી ૩ નો જવાબ હકારમાં આપી વાદીની આંક–૧૨ ની કામ ચલાઉ મનાઇ હુકમની અરજી લગત ઉપરોકત વિવાદિત હુકમ કરવામાં આવેલ.

(૯) આ કામે એપેલેન્ટ ધ્વારા દાવાવાળી જમીનની યથાવત પરિસ્થીતી જાળવી રાખવાનો વાદીની તરફેણમાં હુકમ ફરમાવવા અરજ કરેલ છે પરંતુ આ અંગે નામદાર વડી અદાલતે એ.આઇ.આર. ૧૯૮૯ મદ્રાસ ૭૩, ડો. આલ્બર્ટ વિ. લલીથા અને બીજાઓ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા સી.પી.સી. ઓર્ડર–૩૯, રૂલ–૧, ૪ અન્વયે દરમિયાન યથાવત પરિસ્થીતી નો હુકમ કરતા સમયે બન્ને પક્ષકારો દાવાવાળી મિલકતના કબજાની માલીકીનો દાવો કરતા હોય તો કબજા અંગે સ્પષ્ટતા કરવી પડે. હાલના કેસમાં પણ વિધ્વાન ટ્રાયલ કોર્ટે દાવાવાળી જમીનોના કબજા અંગે આપેલ તારણ ધ્યાને લેતા, દાવાવાળી જમીનના કબજા ભોગવટામાં પ્રતિવાદીઓ ચાલી આવે છે અને વાદીઓ પોતાનો પ્રયત્ક્ષ કબજો ભોગવટો પ્રસ્થાપિત કરી શકેલ નથી. વાદીઓના સદરહુ તારણમાં કોઇ ગેરકાયદેસરતા કે હકિકતની ભુલ કે કાયદાની ભુલ જણાતી નથી. વળી આ કામે દાવાવાળી જમીનનુ રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતા પણ દાવાવાળી જમીન પ્રતિવાદીઓના નામે ચાલી આવે છે. એટલે કે પ્રતિવાદીઓનો કબજો અને ખેડ હકક તેમાં દર્શાવેલ છે. વળી દાવાવાળી જમીનની કોઇ વહેચણ વાદીઓના જણાવ્યા મુજબ થયેલાનું પ્રથમ દર્શનીય રીતે પ્રસ્થાપિત થતુ ન હોય જે સંજોગોમાં રેવન્યુ રેકર્ડ આધારિત પણ પ્રતિવાદીઓનો પ્રથમ દર્શનીય કેસ પ્રસ્થાપિત થાય છે.

(૧૦) નામદાર હાઇકોર્ટે ૨૦૧૦(૧)જી.એલ.એસ. ૧૫૧, હર્ષદકુમાર કાંતીલાલ ભાલોદવાળા વિ. ઇશ્વરભાઇ ચંદુભાઇ પટેલના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે કે, સી.પી.સી. ઓ.–૩૯, રૂલ–૧ તથા ૨ વચગાળાની મનાઇ હુકમ મંજુર કરે ઇન્કાર કરવા અંગે (૧) પ્રથમ દર્શનીય કેસ (૨) સગવડની સમતુલા (૩) નાણાથી ભરપાઇ ન કરી શકાય તેવુ નુકશાન. વળી પ્રથમ દર્શનીય કેસના પ્રસંગે પણ, જો સગવડની સમતુલા અને/અથવા ભરપાઇ કરી ન શકાય તેવુ નુકશાનના પાંસાઓ વાદીની તરફેણમાં ન હોય તો અદાલત વચગાળાના હુકમનો ઇન્કાર કરી શકે. તેવી જ રીતે વધુમાં સી.પી.સી. ઓ.–૪૩, રૂલ–૧ (આર) અન્વયે વચગાળાના મનાઇ હુકમની મંજુર/ઇન્કારના હુકમમાં

હસ્તક્ષેપ કરવાની અદાલતની હકુમત, જો ટ્રાયલ કોર્ટે મનસ્વી રીતે, તરંગીપણે, વિકૃત રીતે કે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોની ઉપેક્ષા કરીને વિવેકાધિકાર વાપર્યો હોય તો અપીલ અદાલત હસ્તક્ષેપ કરી શકે છે. હાલના કેસમાં એપેલેન્ટ ધ્વારા એવુ દર્શાવી શકેલ નથી કે, વિધ્વાન ટ્રાયલ કોર્ટે તરંગી, વિકૃત કે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતો વિરુધ્ધનો છે. જે સંજોગોમાં પણ એપેલેન્ટને માંગ્યા મુજબનો યથાવત પરીસ્થીતીનો હુકમ તેમની તરફેણમાં ફરમાવી શકાય નહી. આમ, ઉપરોકત કરેલ ચર્ચાના આપેલ તારણ અનુસાર એપેલેન્ટ વિધ્વાન ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાનો પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, જયારે પ્રતિવાદી તેમની આંક–૧૨ ની કામ ચલાઉની મનાઇ અરજી સંદર્ભે પ્રથમ દર્શનીય કેસ વાદી વિરુધ્ધમાં પુરવાર કરેલ હોય, તેવી જ રીતે સગવડતા અગવડતાની સમતુલાનું પલ્લુ પ્રતિવાદીઓની તરફેણમાં હોવાનું કારણ યોગ્ય અને રેકર્ડ આધારિત જણાતુ હોય કારણ કે પક્ષકારો વચ્ચેના દાવા દુવીના પ્રકરણ ધ્યાને લેતા મનાઇ હુકમની દાદ એ સમન્યાયની દાદ હોય જે સંજોગોમાં વાદીના કૃત્યથી પ્રતિવાદીઓને કોઇ અગવડતા પડે તે હકિકત પણ ધ્યાને લેવી જરૂરી હોય તે સંજોગોમાં પણ સદરહુ તત્વ પ્રતિવાદીની તરફેણમાં પુરવાર થતુ જણાય છે. વળી પક્ષકારો વચ્ચે રેવન્યુ ઓથોરીટી સમક્ષ ચાલેલા પ્રકરણ ધ્યાને લેતા પણ વાદી ધ્વારા દાવામાં કરાયેલ કથનોને પ્રથમ દર્શનીય બળ મળતુ ન હોય, જયારે પ્રતિવાદીઓના કાઉન્ટર કલેઇમના કથનોને પ્રથમ દર્શનીય સમર્થન મળતુ હોય, જે સંજોગોમાં જો પ્રતિવાદીઓએ માંગ્યા મુજબની દાદ ન આપવામાં આવે તો તેમને નાણાંથી ભરપાઇ ન થાય તેવુ નુકશાન થવાની સંભાવના હોવાનું તત્વ ધ્યાને લઇ વિધ્વાન ટ્રાયલ કોર્ટે મુદ્દા નં. ૩ નો નિર્ણય પ્રતિવાદીની તરફેણમાં હકારાત્મક કરાવેલ અને વાદીની વિરુધ્ધમાં નકારાત્મક ઠરાવેલ તે યોગ્ય ન્યાયી અને કાયદેસરનું જણાય છે. આ સંજોગોમાં ઉપરોકત આપેલ તારણ મુજબ એપેલેન્ટ ધ્વારા વિધ્વાન ટ્રાયલ કોર્ટનો હુકમ અયોગ્ય, ભુલ ભરેલ, વિકૃત, તરંગી, કારણો વિનાનો કે ગેરકાયદેસર હોવાનું પ્રસ્થાપિત કરી શકેલ

ન હોય, જે સંજોગોમાં વિધ્વાન ટ્રાયલ કોર્ટના નિર્ણયનો હસ્તાક્ષેપ કરી શકાય તેવી સ્થીતી કે સંજોગો ન હોય જેથી સી.પી.સી. ઓર્ડર–૪૩ રૂલ–૧ મુજબ વિધ્વાન ટ્રાયલ કોર્ટના પ્રતિવાદીની તરફેણમાં અને વાદીઓની વિરુધ્ધમાં આંક–૧૨ ની અરજી મંજુર કરી ફરમાવેલ મનાઈ હુકમમાં હસ્તક્ષેપ કરવાને કોઈ કાણ જણાતુ ન હોય, જેથી મુદા નં. ૧ અને ૨ નો આ એપેલેન્ટ કોર્ટનો નિર્ણય નકારાત્મક ઠરાવી મુદા નં. ૩ પરત્વેનો આખરી હુકમ નીચે મુજબનો ફરમાવવામાં આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

(૧) એપેલન્ટ/મુળ વાદીની સીવીલ પ.અપીલ નં.૦૩/૨૦૨૫ ની અરજી નામંજૂર કરી આથી મુળ દાવા રે.મુ.નં.૧૪૫૩/૨૦૨૦ ના કામે મહે. કોડીનારના પ્રિન્સીપાલ સીવીલ જજશ્રી ધ્વારા આંક–૫ અને આંક–૧૨ લગત હુકમ ફરમાવી વાદીની આંક–૫ ની અરજી નામંજૂર કરવાનો હુકમ અને પ્રતિવાદીની આંક–૧૨ ની કામ ચલાઉ મનાઈ હુકમ મંજુર કરવાનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે..

(૨) હાલની અરજી લગત ખર્ચનો હુકમ દાવાના આખરી નીકાલને અનુસરશે.

(૩) આ હુકમની એક નકલ રે.મુ.નં. ૧૪૫૩/૨૦૨૦ ના કામમાં સામેલ રાખવી અને આ અંગેની યાદી ટ્રાયલ કોર્ટને હુકમ સાથે મોકલી આપવી.

હુકમ આજરોજ તા.૨૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૪/૦૩/૨૦૨૫.
સ્થળઃ કોડીનાર.

**(અતુલકુમાર આર. પટેલ)**
બીજા અધિક જીલ્લા ન્યાયાધીશ,
**કોડીનાર.**
**[કોડ નંબર-જીજે૦૦૭૧૦]**